કોરોના હજુ બેફામ : નવા ૩૧૭ કેસ

ગાંધીનગરમાં ૫૫, દહેગામમાં ૧૯, કલોલમાં ૨૭, માણસામાં ૬૧ કેસ : શહેરમાં સે. ૩ માં ૯, સે. ૫, ૮, ૧૪, ૧૯, ૨૯ માંથી ૭-૭ કેસ, સે. ૩૦ માં ૬ કેસ, સે. ૨૩ અને ૩-એ-ન્યુ માં ૫-૫ કેસ : કુડાસણમાં ૧૧, પેથાપુરમાં ૧૦, વાવોલમાં ૯, સરગાસણમાં ૭, રાયસણમાં ૬ અને જીઈબીમાં ૫ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લામાં કોરોના સતત વિસ્તરી રહ્યો છે. બેફામ બનેલા કોરોનાએ જિલ્લાનું જનજીવન ખોરવી નાખ્યુ છે. જિલ્લામાં આજે સતત સાતમે દિવસે પણ ૩૦૦ થી વધુ નવા કેસ નોંધાયા છે. જિલ્લામાં નવા ૩૧૭ કેસ નોંધાયા છે. જેમાં ગ્રામ્ય વિસ્તારમાં ૧૬૨ અને શહેરમાં ૧૫૫ નવા કેસ નોંધાયા છે.

જિલ્લામાં સતત વધી રહેલા સંક્રમણને પગલે રિકવરી રેટ પણ ઘટ્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં ખાસ કરીને અંતરિયાળ ગામોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેણે તંત્રની ચિંતા અને દોડધામ વધારી દીધી છે. જો કે કોરોનાનું સંક્રમણ સ્થિર થયાનું તંત્રના અંતરંગ સૂત્રોનું કહેવુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે રીતે કોરોના બેફામ બન્યો છે અને તેમાં પણ વીસ વર્ષથી ઓછી વયના દર્દીઓ તેમજ પરિવારોના પરિવાર સંક્રમિત થઈ રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૧૬૨ કેસોમાં દહેગામ તાલુકામાં ૧૯, ગાંધીનગરમાં ૫૫, કલોલમાં ૨૭ અને માણસામાં ૬૧ નવા કેસ નોંધાયા છે. માણસા અને ગાંધીનગરમાં જે ઝડપથી કેસો મળી રહ્યા છે તેણે તંત્રને હચમચાવી દીધુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬૦ મહિલાઓ, ૩૩ ખેડૂતો, ૧૩ વિદ્યાર્થી, નવ કર્મયોગી તેમજ નાના વેપારીઓ, ખાનગી નોકરીયાતો સંક્રમિત થઈ રહ્યા હોવાથી તેમજ મોટીવયના વડીલો પણ સંક્રમિત થઈ રહ્યા છે જેણે તંત્રની ચિંતા વધારી છે.

જિલ્લામાં આજે નોંધાયેલા કેસોમાંથી ૮ દર્દીને સઘન સારવારની જરૂરિયાત જણાતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સતત વધી રહેલા કેસોને પગલે ૫૦૦ થી પણ વધુ માઈક્રો કન્ટેનમેન્ટ ઝોન જાહેર કરવામાં આવ્યા છે.

દહેગામ તાલુકામાં આજે ૧૯ કેસ નોંધાયા છે. જેમાં દહેગામ અર્બન વિસ્તારમાં ૪, રખિયાલમાં ૩, ઝિંડવા, સાંપા અને સાણોદમાં ૨-૨ કેસ તેમજ બહિયલ, કડજોદરા, જાલિયા મઠ, ખાનપુર, મોસમપુરા ગામેથી પણ કેસો મળી આવેલ છે.

કોરોનાની પ્રથમ લ્હેરથી અતિ સંવેદનશીલ બનેલ ગાંધીનગર તાલુકામાં કોરોના નિરંકુશ બન્યો છે. તાલુકામાં સતત સંક્રમણ વધી રહ્યુ હોવાથી તંત્ર પણ હવે લાચાર બન્યુ છે.

તાલુકામાં જે રીતે કેસો વધી રહ્યા છે અને ગ્રામ્ય વિસ્તારોમાં સંક્રમણ વધતાં તંત્રની કામગીરીનું ભારણ પણ વધવા લાગ્યુ છે. તાલુકામાં આરોગ્ય સેવાઓ અને અર્થતંત્ર સાવ ખોરવાઈ જવા પામ્યુ છે. તાલુકામાં ગામેગામ આઈસોલેશન સેન્ટરો પણ શરૂ કરવામાં આવ્યા છે.

યાત્રાધામ રૂપાલ ગામેથી આજે વધુ ૧૧ કેસ, અડાલજ-વાસણ ગામેથી ૬, ટીંટોડામાંથી ૫, ઈસનપુર મોટામાં, મોટી આદરજ ખાતે ૪-૪ કેસ આ ઉપરાંત લેકાવાડા, લવારપુર, શાહપુર, નવા પાલજ, ઉનાવા, તારાપુરમાંથી ૨-૨ કેસ મળી આવ્યા છે તેમજ પુંધરા, ચંદ્રાલા, રતનપુર, શેરથામાંથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાંથી આજે ૨૭ કેસ મળી આવ્યા છે. તાલુકામાં સંક્રમણ વધી રહ્યુ હોવાથી તંત્રની ચિંતા અને દોડધામ બન્ને વધી ગયા છે. કલોલ અર્બનમાંથી આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે.

કલોલના ગ્રામ્ય વિસ્તારમાં સઈજમાંથી ૪, ધમાસણામાંથી ૩, મોટી ભોંયણ, જેઠલજ, ચાંદીસણા, છત્રાલ અને સોજામાંથી ૨-૨ કેસ ઉપરાંત કરોલી, રામનગર, ગોલથરા, પાનસર, ઓલા, જામળા, બાલવામાંથી પણ કેસ મળી આવ્યા છે.

માણસા તાલુકામાં છેલ્લા એક સપ્તાહમાં જે રીતે કોરોનાના કેસો નોંધાઈ રહ્યા છે તેનાથી તંત્રમાં હડકંપ મચી જવા પામ્યો છે. તાલુકાના મુખ્ય શહેર માણસા તેમજ ગ્રામ્ય વિસ્તારમાંથી જે કેસો મળી આવ્યા છે તેનાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે.

માણસા અર્બનમાંથી આજે ૯ કેસ મળી આવ્યા છે. ગ્રામ્ય વિસ્તાર લોદરા, પુંધરામાંથી ૫-૫ કેસ, કુવાદરામાંથી ૬ કેસ, પારસામાંથી ૪, હરણાહોડા, અનોડિયા, અંબોડમાંથી ૩-૩ કેસ, આટા આંબા, ખડાત, આજોલ, બિલોદરા, ખરણા, ગલથરા, વરસોડામાંથી ૨-૨ કેસ ઉપરાંત સમૌ, બોરૂ, ફતેહપુરા, મહુડી, રંગપુર, દેલવાડ, મંડાલી, વેડા, વ્યાસપાલડી ગામેથી પણ કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૩૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે ગ્રામ્ય વિસ્તારમાં અત્યાર સુધીમાં ૬૬૬૩ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં કેસો વધતાં રિકવરી રેટ પણ ઘટવા પામ્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૭૧૬ એક્ટીવ દર્દીઓ સારવાર હેઠળ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૦૦ થી વધુ માઈક્રો કન્ટેન્ટમેન ઝોન છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૮૭૮૧ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગ્રામીણ વિસ્તારમાં સર્વેલન્સ વધારવા તેમજ ટેસ્ટીંગમાં વધારો કરવાની સાથે સાથે હોમ આઈસોલેશનમાં રહેલા દર્દીઓનું મોનીટરીંગ કરવા અને સોશ્યલ ડિસ્ટન્સીંગના નિયમોની અમલવારી કડક રીતે હાથ ધરવામાં આવે તેવી સૂચનાઓ આપવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં આજે નવા ૧૫૫ કેસ નોંધાયા છે. આજે શહેરના બે દર્દીઓના સારવાર દરમ્યાન મોત પણ થયા છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોના તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં સમાવિષ્ટ સેક્ટોરમાં આજે ૯૩ કેસ અને અન્ય વિસ્તારોમાં ૬૨ કેસ નોંધાયા છે. શહેરમાં સંક્રમણ સ્થિર થયાનું તંત્રના સૂત્રો માની રહ્યા છે.

શહેરમાં આજે સે. ૩ માં ૯, સે. ૫, ૮, ૧૪, ૧૯, ૨૯ માં ૭-૭ કેસ, સે. ૩૦ માં ૬ કેસ, સે. ૨૩ અને ૩-એ-ન્યુમાંથી ૫-૫ કેસ, સે. ૧૨ અને ૨૨ માંથી ૪-૪ કેસ, સે. ૧, ૬, ૧૭, ૨૪ માંથી ૩-૩ કેસ તેમજ સે. ૪, ૭ અને સે. ૧૫ માંથી ૨-૨ કેસ તેમજ સે. ૨, ૯, ૧૬, ૨૦, ૨૧, ૨૬, ૨૭ માંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં સમાવિષ્ટ વિસ્તારો કુડાસણમાંથી ૧૧, પેથાપુરમાંથી ૧૦, વાવોલમાંથી ૯, સરગાસણમાંથી ૭, રાયસણમાંથી ૬, જીઈબીમાંથી ૫, ભાટ, પાલજમાંથી ૩-૩, રાંદેસણ, રાંધેજામાંથી ૨-૨ કેસ તેમજ બોરીજ, કોબા, પોર અને કોલવડામાંથી પણ કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે ૧૪ જેટલા વિદ્યાર્થી, બે ફિઝીયોથેરોપીસ્ટ, એક પ્રોફેસર, સિવિલ હોસ્પિટલનો કર્મયોગી, એકાઉન્ટન્ટ, સિવિલ ઈજનેર, બેંકના બે કર્મયોગી, એલઆઈસીનો કર્મયોગી તેમજ સરકારી કર્મચારીઓનો સમાવેશ થાય છે. આજે ૭૧ મહિલા પણ સંક્રમિતોની યાદીમાં છે.

શહેરમાં યુવાવર્ગ, મહિલાઓ તેમજ પરિવારના વડીલો જે રીતે સંક્રમિત થઈ રહ્યા છે તેણે તંત્રની ચિંતા વધારી છે. શહેરમાં લોકોને અનિવાર્ય ના હોય તો ઘરની બહાર ન નીકળવા તંત્ર દ્વારા અપીલ કરવામાં આવી છે.

શહેરમાં આજે વધુ ૮૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે.

ફાયરસેફટીને લઈ કમિશનર, ડે. મ્યુનિ. કમિશનર અને ચીફ ફાયર ઓફિસરે સિવિલનો રાઉન્ડ લીધો

સિવિલના વિવિધ વિભાગોના વડા સાથે બેઠક પણ કરી

ભરૂચની વેલ્ફેર હોસ્પિટલમાં બનેલ આગની ઘટનાને પગલે આજે મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણ, ડે. મ્યુનિ. કમિશનર પ્રિતેશ દવે, ચીફ ફાયર ઓફિસર મહેશ મોડના નેતૃત્વમાં ફાયરની ટીમે આજે ગાંધીનગર સિવિલ હોસ્પિટલની મુલાકાત લીધી હતી.

આ ટીમે હોસ્પિટલની મુલાકાત લઈ ફાયરની સુવિધાઓની પણ ચકાસણી કરી હતી એટલુ જ નહિ આ પછી તેમણે હોસ્પિટલની તપાસ બ્રાન્ચના એચ.ઓ.ડી. સાથે પણ બેઠક કરી આગની ઘટનાના અને તે માટે શું શું કરવુ અને કદાચ બને તો કેવા પગલાં તાત્કાલિક લેવા તેના વિશે વિસ્તૃત વાતો કરી હતી.

આ ટીમ આગામી દિવસોમાં મહાનગરની અન્ય હોસ્પિટલોમાં પણ ફાયરની બાબતે ચકાસણી કરી અને હોસ્પિટલના સંચાલકો સાથે બેઠક કરશે તેમ મનપાના સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

કોરોના મૃતકોના અગ્નિસંસ્કાર માટે વનવિભાગે ૨૫ હજાર મણ લાકડા આપ્યા

એક મૃતદેહના અગ્નિસંસ્કાર માટે ૨૦ મણ લાકડાની અનિવાર્યતા

ગાંધીનગર તા ૩

કોરોનાના કપરા કાળમાં એકબાજુ હોસ્પિટલમાં પણ જગ્યા નથી દર્દીઓ બેહાલ બની જીવન મૃત્યુ વચ્ચે જોલા ખાઈ રહ્યા છે. ત્યારે કોરોનાના કપરા સંજોગોમાં સ્મશાનમાં પણ મૃતદેહની કતાર જોવા મળે છે. હજુ પણ મોતનો આંકડો ઓછો ન થતા મૃતદેહની કતાર ઓછી થઈ નથી ત્યારે મૃતદેહના અંતિમ સંસ્કાર માટે ગાંધીનગર કોર્પોરેશને વનવિભાગ પાસે ૨૫ હજાર મણ લાકડાની માંગણી કરી હતી જે મુજબ વનવિભાગે પણ બોરીજ સહીતની અન્ય રેન્જમાંથી આ લાકડાની વ્યવસ્થા કરી પહોંચતા કર્યા છે.

સે-૩૦ ના અંતિમધામ અને સરગાસણના રૂદ્રભુમિ ઉપરાંત કોર્પોરેશન વિસ્તારમાં સમાવિષ્ટ ગામોમાં કોવિડ મૃતકોની અંતિમ વિધી થાય છે તેવા સ્થાનોએ લાકડાની ઘટ ઉભી થઈ રહી હતી. આ દરમિયાન સરકારે પરિપત્ર કર્યો હતો તેમજ વનવિભાગને જલાઉ લાકડા આપવા સુચના આપી હતી. જેને અનુલક્ષી ગાંધીનગર કોર્પોરેશને વનવિભાગ પાસે ૨૫ હજાર મણ લાકડાની માંગણી કરી હતી. આ મામલે ગાંધીનગર વન વિભાગે લાકડાની માંગને પહોંચી વળવા બોરીજ રેન્જ તેમજ જિલ્લાની અન્ય રેન્જમાંથી લાકડાની વ્યવસ્થા કરી હતી. જયારે કોર્પોરેશનની માંગણી મુજબ ૨૫ હજાર મણ લાકડા સ્મશાનને આપ્યા હતા. ગાંધીનગર અંતિમધામ ખાતે સી એન જીની ભઠ્ઠીમાં કોવિડ મૃતકોની અંતિમ વિધી કરવામાં આવે છે. આ ભઠ્ઠીઓ વધારવામાં આવી છે. આમછતા મૃતદેહોની લાઈન મોડી રાત સુધી સ્મશાનમાં જોવા મળે છે. આ સ્થિતિને ધ્યાને લઈને લાકડાની ચિતામાં પણ કોવિડ મૃતકોનો અગ્નિસંસ્કાર આપવાનુ શરૂ કરાયુ છે. સામાન્ય રીતે એક મૃતદેહને અગ્નિસંસ્કાર આપવા માટે ૨૦ મણ લાકડાની જરૂરિયાત હોય છે.

૮૫ ટકા ફેફસાં સંક્રમિત છતાં કોરોનાને હરાવ્યો

નિવૃત આચાર્યાએ ૮૫ટકા ફેફસાં સંક્રમિત થવા ઉપરાંત પતિને ગુમાવવા છતાં કોરોનાને હરાવ્યો : ગાંધીનગરના સે.૨૬માં રહેતા બબુબેન રબારીના મજબૂત મનોબળ સામે કોરોના પણ નબળો પડી ગયો : નજર સમક્ષ મૃતદેહો જોવા છતાં હિંમત હારી નહી

ગાંધીનગર તા. ૩

ગાંધીનગરમાં સે.૨૬ ખાતે રહેતા ૬૦ વર્ષીય નિવૃત્ત આચાર્યા બબુબેન રબારીએ કોરોનામાં એક તરફ પોતાના પતિને ગુમાવ્યાં અને બીજી તરફ પોતાના ફેફસાં પણ કોરોનાથી ૮૫ ટકા જેટલાં સંક્રમિત હોવા છતાં તેઓ કોરોનાને મ્હાત આપવામાં સફળ થયાં છે. તેઓને લગભગ ૧૩દિવસના હોસ્પિટલ ખાતેના સંઘર્ષમાં દિવસનો ૧પલીટર ઓક્સિજન આપવાથી માંડીને રેમડેસિવિર અને ટોસિલીઝુમેબ જેવા ઈન્જેક્શન્સ પણ આપવા પડ્યાં હતા અને નજર સામે અનેક દર્દીઓને મરતાં જોયાં છતાં હિંમત ટકાવી મજબૂત મનિબળને સહારે કોરોના વાયરસને હાર આપી હતી.

ગાંધીનગરના સેક્ટર-૨૬ ખાતે રહેતા માણસાની આરબીએલ હાઈસ્કૂલના નિવૃત આચાર્યા બબુબેન સાગરભાઈ દેસાઈને કોરોના પોઝિટિવ થયાં સ્થાનિક

દવાખાનાની સારવાર ચાલુ હતી પરંતુ બાદમાં તેમને શ્વાસ લેવામાં તકલીફ પડતા તા. ૧૮મી માર્ચે સવારે એક ખાનગી હોસ્પિટલ લઈ જવાયા હતા. તે સમયે કોરોનાની બીજી લહેર માંડ શરૂ થઈ હતી અને તેથી જે હોસ્પિટલમાં તેમને લઈ જવાયાં કોવિડની સારવાર ફરી શરૂ થઈ ના હોવાથી બબુબેનને શહેરની અન્ય એક ખાનગી હોસ્પિટલ ખાતે લઈ જવાયાં હતા. અહીં તેમને આઈસીયુમાં ખાસ કરીને દૈનિક ?૧પલીટર જેટલો ઓક્સિજન

આપવાનું શરૂ કરી દેવામાં આવ્યું હતું. તેમના સીટીસ્કેનના રિપોર્ટ મુજબ તેમના ૮૫ટકા જેટલાં ફેફસામાં કોરોના વાયરસ પ્રસરી વળ્યો હતો જેથી જોખમ વધી ગયું હતું. આ દરમ્યાન તેમને રેમડેસિવિર અને ટોસિલીઝુમેબ જેવા ઈન્જેક્શન્સ પણ આપવા પડ્યાં હતા જેની આડઅસરને કારણે મ્હોંમાંથી ચાંદા પડી જવાથી લોહી પણ નીકળવા લાગ્યું હતું. આ સ્થિતિમાં તેમનો જુસ્સો વધારવા તેમના પુત્ર ગોવિંદભાઈ પીપીઈ કીટ પહેરીને આઈસીયુમાં મળવા જતા હતા.

બીજી તરફ મધર ડેરીમાં સ્ટોર મેનેજર તરીકે કાર્યરત બબુબેનના પતિ સાગરભાઈ રબારીને પણ કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા તા. ૨૨મી માર્ચ રોજ સે.૨૬ની એક હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યાં હતા. જોકે તેમને તા.૨૮મીએ હોસ્પિટલમાંથી રજા આપી દેવાઈ હતી અને ગોવિંદભાઈએ તેમના માટે ઘરે જ ઓક્સિજનની સુવિધા સાથે હોમ આઈસોલેશનની વ્યવસ્થા કરી હતી પરંતુ તેમને પત્નિની ચિંતા વધુ સતાવતી હતી જેના કારણે તેમની તબિયત વધુ લથડતાં તેમનું તા.૨૯મી માર્ચે તેઓ કોરોના સામેનો જંગ હારી ગયાં હતા. તેમના દેહાંતથી વ્યથિત બનેલા પરિવારને બબુબેનની ચિંતા સતાવવા લાગી હતી. આ તરફ બબુબેને પોતાની બાજુના બેડ પરના દર્દી સહિત અનેક દર્દીઓને પોતાની નજર સામે મોતને ભેટતાં જોવા છતાં ગજબની હિંમત દાખવી રહ્યાં હતા અને છેલ્લે પતિના અવસાનના સમાચાર સાંભળીને પણ મનોબળ ગુમાવ્યું નહોતું જેના કારણે તબીબો સહિત હોસ્પિટલનો સ્ટાફ પણ તેમની પ્રસંશા કરી રહ્યો હતો. અંતે બબુબેનને તા.૨૯મી માર્ચે હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી હતી. આ દરમ્યાન તેમના પુત્રવધુ પણ સંક્રમિત થયાં હતા પરંતુ તેઓ ઝડપથી સાજા થઈ ગયા હતા.

દિકરાના વિરહમાં માતાએ પણ દેહત્યાગ કર્યો

સાગરભાઈ રબારી ખૂબ જ મળતાવડો સ્વભાવ ધરાવતાં હતાં અને દરરોજ સે.૨૫માં મધર ડેરી સુધી ચાલતા જ નોકરીએ જતા હતા જે દરમ્યાન રસ્તામાં સોસાયટીના રહીશો કે લારીવાળા હોય જે મળે તેને બોલાવતા રહેતા હતા. તેઓ દરરોજ ત્રણેક કિમી ચાલવા સાથે વર્ષે એક વાર આશરે સાડા પાંચસો કિમી દૂર રાજસ્થાનના રણુંજા ખાતે રામદેવપીરના દર્શને જતા હતા. તેમના અવસાન પછી તેમના વતન વડસ્મા ખાતે રહેતા ૯૨ વર્ષના માતાએ ભોજન ત્યાગ કરી દેતાં તેમનું પણ તા.૨૫એપ્રિલે અવસાન થઈ ગયું હતું.

મનપામાં પ્રથમવાર વહીવટદાર નિમાયા !

ગાંધીનગર, તા. ૩

આગામી ૫ મી મે થી ગાંધીનગર મહાનગરપાલિકાના વહીવટદાર તરીકે મ્યુનિ. કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણ ચાર્જ સંભાળશે. ગાંધીનગર મહાનગરપાલિકાની મુદત ૫ મી મે ના રોજ પૂર્ણ થઈ રહી છે. આ પહેલાં સામાન્ય ચૂંટણી યોજાવાની હતી પરંતુ કોરોનાના વધી રહેલા સંક્રમણને પગલે અચોક્કસ સમય સુધી ચૂંટણી પ્રક્રિયા રાજ્ય ચૂંટણી પંચે સ્થગિત કરવાના આદેશ કર્યા હતા.

હવે ૫ મી મે ના રોજ મનપાની મુદત પૂર્ણ થતાં કોર્ટના આદેશને ટાંકી રાજ્યના શહેરી વિકાસ વિભાગના સંયુક્ત સચિવશ્રીએ મનપાના વહીવટદાર તરીકે કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી ચારણની નિમણુંકના આદેશ જારી કર્યા છે. તેમને સામાન્ય સભા તથા સ્થાયી સમિતિની સત્તાઓ સોંપવામાં આવી છે જો કે તેઓ કોઈ નીતિ વિષયક નિર્ણય લઈ શકશે નહિ તેવુ સ્પષ્ટ આ આદેશમાં જણાવાયુ છે.

ભાજપની બહુમતિ હોવા છતાં ભાજપ સામાન્ય સભામાં બજેટ મંજૂર કરાવી શક્યુ નથી તે કમનસીબી છે. ગાંધીનગર મનપાની રચના થઈ ત્યારે વહીવટદાર તરીકે જિલ્લા કલેક્ટરની નિયુક્તી થઈ હતી. પરંતુ સત્તાવાર વહીવટદારનું રાજ મનપામાં પ્રથમ વખત આવી રહ્યુ છે.

રસીકરણ અભિયાનને અસરકારક બનાવવા ભાજપના આગેવાનોની બેઠક મળી

ગાંધીનગર તા ૩

કોવિડની મહામારીને અનુલક્ષી રસીકરણ અભિયાનને વેગ આપવા તેમજ વધુ અસરકારક બનાવવા માટે રાયસણ ખાતે શહેર ભાજપના આગેવાનોને પ્રદેશ સંગઠનના હોદેદારોએ જરૂરી માર્ગદર્શન પુરુ પાડયુ હતુ.

ગાંધીનગર મહાનગર ભાજપના મિડીયા કન્વીનર કલ્પ પટેલના જણાંવ્યા મુજબ શહેર ભાજપના પ્રમુખ રૂચિર ભટ્ટની આગેવાનીમાં મહાનગરના તમામ વોર્ડમાં કોવિડના રસીકરણને વધુ મજબુત બનાવવા માટે બેઠક યોજવામાં આવી હતી. કોવિડની બીજીલહેર દરમિયાન ભાજપના આગેવાનો તેમજ કાર્યકરો આમ નાગરિકોની સેવામાં જોડાયેલા છે. જયારે આજે ભાજપના પ્રદેશ સંગઠનના મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાની ઉપસ્થિતિમાં રસીકરણ અભિયાન તેમજ સેવાયજ્ઞનને વધુ અસરકારક બનાવવા માટે આ બેઠકનુ આયોજન કરવામાં આવ્યુ હતુ. આ બેઠકમાં નવનિયુક્ત પ્રભારઓ તેમજ પ્રદેશ મહામંત્રી રજનીભાઈ પટેલ અને મોહનભાઈ પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા. પ્રદેશ સંગઠનના મહામંત્રી ભીખુભાઈ દલસાણીયાએ બેઠકમાં ઉપસ્થિત સૌને વિગતવાર માર્ગદર્શન પુરુ પાડયુ હતુ. આ દરમિયાન મહાનગરના અધ્યક્ષ રૂચિર ભટ્ટ, નાઝાભાઈ ઘાંઘર, દેવેન્દ્રસિંહ ચાવડા, કનુભાઈ દેસાઈ,ગૌરાંગ પટેલ સહીતના પદાધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

बड़ौदा ग्लोबल शेयर्ड सर्विसेज
Baroda Global Shared Services
(Wholly Owned Subsidiary of Bank of Baroda)
CIN-U74999MH2017GOI292430,
રજી. ઓફિસ. પમો માળ, બરોડા સન ટાવર, સી-૩૪, જી બ્લોક, બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાન્દ્રા (ઈ), મુંબઈ-૪૦૦૦૫૧.

આઇટી એસેટસને ભાડે ચડાવી શકે તેવા વેન્ડરોને સૂચિબધ્ધ કરવા અંગે ટેન્ડર

બરોડા ગ્લોબલ શેર્ડ સર્વિસીસ લિમિટેડ, (બીજીએસએસએલ), ૨૭મો માળ, ગિફ્ટ વન ટાવર, ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫ આઈટી એસેટ્સને ભાડે ચડાવી શકે તેવા વેન્ડરોને સુચિબધ્ધ કરવા માટે ટેન્ડરો આવકારે છે.

ટેન્ડર ફોર્મ અંગે વિગતવાર માહિતી બીજીએસએસએલ વેબસાઈટ www.bgss.in પરથી મેળવી શકાશે.

પરિશિષ્ટ ફક્ત બેંકની વેબસાઈટ પર જ જારી કરવમાં આવશે અને અરજદારોએ તેમના આખરી ટેન્ડર જમા કરાવતી વખતે તેનો અભ્યાસ કરવો જરુરી છે.

ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ :૨૫-૦૫-૨૦૨૧ બપોરના ૩-૦૦ વાગ્યા સુધી છે.

તારીખ : ૦૧-૦૫-૨૦૨૧,
સ્થળ : ગાંધીનગર

Sd/- હેડ- આઇટી ડિપાર્ટમેન્ટ
બીજીએસએસએલ, ગીફ્ટ સીટી, ગાંધીનગર

BGSS/IT/2021-22/01

बड़ौदा ग्लोबल शेयर्ड सर्विसेज
Baroda Global Shared Services
(Wholly Owned Subsidiary of Bank of Baroda)
CIN-U74999MH2017GOI292430,
રજી. ઓફિસ. પમો માળ, બરોડા સન ટાવર, સી-૩૪, જી બ્લોક, બાન્દ્રા કુર્લા કોમ્પ્લેક્સ, બાન્દ્રા (ઈ), મુંબઈ-૪૦૦૦૫૧.

ટેલિ કોલિંગ યુનિટના કલેક્શન સંબંધી કોલ સેન્ટર સોલ્યુશનની પ્રાપ્તિ માટે ટેન્ડર

બરોડા ગ્લોબલ શેર્ડ સર્વિસીસ લિમિટેડ, (બીજીએસએસએલ), ૨૭મો માળ, ગિફ્ટ વન ટાવર, ગીફ્ટ સીટી, ગાંધીનગર-૩૮૨૩૫૫ ટેલિ કોલિંગ યુનિટના કલેક્શન સંબંધી કોલ સેન્ટર સોલ્યુશનના પ્રોક્યોરમેન્ટ માટે ટેન્ડરો આવકારે છે.

ટેન્ડર ફોર્મ અંગે વિગતવાર માહિતી બીજીએસએસએલ વેબસાઈટ www.bgss.in પરથી મેળવી શકાશે.

પરિશિષ્ટ ફક્ત બેંકની વેબસાઈટ પર જ જારી કરવમાં આવશે અને અરજદારોએ તેમના આખરી ટેન્ડર જમા કરાવતી વખતે તેનો અભ્યાસ કરવો જરુરી છે.

ટેન્ડર જમા કરાવવાની છેલ્લી તારીખ :૨૪-૦૫-૨૦૨૧ બપોરના ૩-૦૦ વાગ્યા સુધી છે.

તારીખ : ૦૧-૦૫-૨૦૨૧,
સ્થળ : ગાંધીનગર

Sd/- હેડ- કલેક્શન ડિપાર્ટમેન્ટ
બીજીએસએસએલ, ગીફ્ટ સીટી, ગાંધીનગર

BGSS/Coll./2021-22/01

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar — experience bathing
DR. FIXIT
TATA — STEEL • PIPES • SHEETS
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com